# રાજ્યના તમામ જિલ્લાનો GDP સમાન કરાશે

**અમુક** જિલ્લા આર્થિક રીતે પ્રગતિશીલ છે, જ્યારે કેટલાકમાં પ્રગતિની સંભાવના છેઃ કેબિનેટ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણી

ગાંધીનગરઃ રાજ્યના તમામ જિલ્લાઓમાં GDP દરમાં વૃદ્ધિ કરીને સમગ્ર રાજ્યનો આર્થિક વિકાસ દર વધારવા રાજ્ય સરકારે કવાયત હાથ ધરી છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે કેબિનેટ બેઠકમાં સિનિયર અધિકારીઓને જિલ્લાઓનો GDP દર વધારવા લંબાણપૂર્વકની ચર્ચા કરી હતી.

કેબિનેટ પ્રવકત્તા અને સિનિયર મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીએ ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને '૫ ટ્રિલિયન ઈકોનોમી' બનાવવાનું જે લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, તેને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર ભૂમિકા ભજવશે. આ દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવતા સીએમ ભૂપેન્દ્ર પટેલે રાજ્યના તમામ જિલ્લાઓના GDP દરમાં વૃદ્ધિ કરીને સમગ્ર રાજ્યનો આર્થિક વિકાસ દર વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. રાજ્યના કેટલાક જિલ્લાઓ આર્થિક રીતે ખૂબ પ્રગતિશીલ છે, જ્યારે અમુક જિલ્લાઓમાં હજુ પણ વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે. મુખ્યમંત્રીએ ચીફ સેક્રેટરી સહિતના તમામ ઉચ્ચ સનદી અધિકારીઓને સૂચના આપી છે કે, દરેક જિલ્લાની આગવી વિશેષતા અને ત્યાં રહેલી વિકાસની સંભાવનાઓને ઓળખીને તે મુજબનો એક્શન પ્લાન તૈયાર કરીને જે જિલ્લાઓનો GDP દર ઓછો છે, ત્યાં આર્થિક ગતિવિધિઓ વધારીને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાની કામગીરી હાથ ધરવામાં આવે.




## કમોસમી વરસાદથી અસરગ્રસ્ત કુલ ૨૯.૩૦ લાખ ખેડૂતોને અત્યાર સુધીમાં રૂ. ૮,૫૧૬ કરોડથી વધુની સહાય ચૂકવાઇ

ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં કૃષિ રાહત પેકેજ અને ટેકાના ભાવે ખરીદીની પ્રગતિની સમીક્ષા કરાઈ હતી. કેબિનેટ પ્રવકત્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ભારે વરસાદથી અસરગ્રસ્ત જિલ્લાઓ માટે ખૂબ જ ટૂંકા ગાળામાં બે અલગ ઐતિહાસિક કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા હતા. આ બંને રાહત પેકેજ હેઠળ ખેડૂતોને સહાય આપવા માટે અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ ખેડૂતોના કુલ રૂ. ૮,૭૧૦ કરોડના ઓનલાઇન બીલો તૈયાર કરવામાં આવ્યા છે. જે પૈકી આજની સ્થિતિએ કુલ ૨૯.૩૦ લાખ ખેડૂતોને કુલ રૂ. ૮,૫૧૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.રાજ્યમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ચાલી રહેલ ખરીદીની વિગતો આપતા કહ્યું હતું કે, અત્યાર સુધીમાં રાજ્યના ૬.૭૯ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧૦,૬૯૮ કરોડથી વધુના મૂલ્યના કુલ ૧૪.૯૧ લાખ મેટ્રિક ટનથી વધુ જથ્થાની ખરીદી કરવામાં આવી છે. જેની સામે અત્યાર સુધીમાં ૪.૧૬ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૬,૫૭૩ કરોડથી વધુનું ચૂકવણું કરવામાં આવ્યું છે.જે અંતર્ગત આજ સુધીમાં રાજ્યના ૬.૨૬ લાખથી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧૦,૩૦૦ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧૪.૧૮ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ખરીદી કરાઈ છે. જેની સામે અત્યાર સુધીમાં ૩.૮૯ લાખ ખેડૂતોને કુલ રૂ. ૬,૩૬૨ કરોડથી વધુની રકમ સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવી દેવામાં આવી છે.

## સાયબર ગુનાઓ સામે સાવચેતી એ જ સૌથી મોટું શસ્ત્ર

આજે સીએમ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સાયબર ફ્રોડ અંગે ગંભીરતા પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ડિજિટલ યુગમાં ટેકનોલોજીના માધ્યમથી આચરવામાં આવતા આવા ગંભીર ગુનાઓ સામે સાવચેતી એ જ સૌથી મોટું શસ્ત્ર છે, તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

## લગ્ન નોંધણીના કાયદામાં સુધારા માટે કેબિનેટમાં ચર્ચા પૂરી, ટૂંક સમયમાં અમલી બનશે

વાઘાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર સમક્ષ પાટીદાર સમાજ સહિત સમાજના અગ્રણીઓ ડે.સીએમ હર્ષ સંઘવી તથા રાજયકક્ષાના કાયદા મંત્રીને મળ્યા હતા. રાજ્ય સરકાર લગ્ન નોંધણી કાયદામાં ફેરફાર કરવા જઈ રહી છે. તેની ચર્ચા થઈ ગઈ છે. તમામ પાસાઓને ધ્યાને રાખીને લગ્ન નોંધણીના કાયદામાં સંબંધિત ફેરફાર ખૂબ નજીકના સમયમાં અમલી બની જશે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ૫ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરાશે

કેબિનેટ પ્રવક્તાએ કહ્યું હતું કે, "હર સર કો છત"ના કાર્ય મંત્ર સાથે પીએમ નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સમગ્ર દેશમાં આગામી પાંચ વર્ષ દરમિયાન એક કરોડથી વધુ આવાસ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. જે અંતર્ગત ગુજરાત પણ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે ૫.૫૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે લક્ષ્ય નિર્ધારિત કર્યો છે. આ આવાસોના નિર્માણથી ગુજરાતના લાખો ગરીબ પરિવારોને પાકા આવાસ મળશે. આગામી પાંચ વર્ષમાં આવાસ નિર્માણના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીએ અત્યારથી જ જમીન સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને વિવિધ કામગીરી હાથ ધરવા માટે રાજ્યના વહીવટી તંત્રને કેબિનેટ બેઠકમાં આદેશો આપ્યા છે.

## સગીરાઓ ગર્ભવતી થવાનો મુદ્દો ચિંતાજનક, મહેસાણામાં 80 સગીરા ગર્ભવતી બની

એક પ્રશ્નના જવાબમાં પ્રવક્તા મંત્રીએ કહ્યું હતું કે , રાજયના કેટલાંક જિલ્લાઓમાં સગીરાઓ ગર્ભવતી બની હોય તેવી માહિતી આઘાતજનક છે. રાજ્ય સરકાર તો પગલા લેશે, પરંતુ તેમાં સમાજને પણ જાગ્રત થવાની જરૂરત છે. સમાજે બાળ લગ્ન તથા આવી ઘટના સામે જાગૃતિ લાવવા પ્રયાસ કરવા પડશે. મળતી માહિતી મુજબ મહેસાણા જિલ્લામાંથી સગીર વયની કિશોરીઓ ગર્ભવતી થવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. સરકારી રિપોર્ટ મુજબ એપ્રિલ 2025 થી ડિસેમ્બર 2025 દરમિયાન કુલ 341 સગીરાઓ ગર્ભવતી થઈ હોવાનું બહાર આવ્યું છે.મહેસાણા જિલ્લામાં સગીર વયની દીકરીઓના ગર્ભવતી થવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે, જે સમાજ માટે ગંભીર ચિંતાનો વિષય બન્યો છે. આરોગ્ય વિભાગના રિપોર્ટ મુજબ એપ્રિલ 2025થી ડિસેમ્બર 2025 સુધીના સમયગાળામાં એટલે કે 9 મહિનામાં કુલ 341 સગીર દીકરીઓ ગર્ભવતી હોવાનું નોંધાયું છે.મહેસાણા જિલ્લાના તાલુકાવાર વિગતો જોઇએ તો સૌથી વધુ કિસ્સા કડીમાં 88 અને ત્યાર બાદ મહેસાણામાં 80 સગીરાઓ ગર્ભવતી હોવાનું નોંધાયું છે.

## ગુજરાતમાં ૦૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો( DCCB )ની રચના થશે

કેબિનેટમાં લેવાયેલા નિર્ણય મુજબ ગુજરાતમાં ૦૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચનાને આજે કેબિનેટ બેઠકમાં સીએમ ભૂપેન્દ્ર પટેલે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, આ પહેલના ભાગરૂપે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સહકારિતા મંત્રાલયને એપ્રોચ નોટ રજૂ કરવામાં આવી હતી. આ નોટમાં ગુજરાતમાં પણ નવી ૦૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો, રાજ્યની વર્તમાન સહકારી બેંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના થશે. જેમાં પંચમહાલ બેંકના વિભાજનથી દાહોદ જિલ્લામાં, સાબરકાંઠા બેંકના વિભાજનથી અરવલ્લી જિલ્લામાં, સુરત બેંકના વિભાજનથી તાપી જિલ્લામાં, વડોદરા બેંકના વિભાજનથી છોટાઉદેપુર જિલ્લામાં, જામનગર બેંકના વિભાજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, જૂનાગઢ બેંકના વિભાજનથી પોરબંદર જિલ્લામાં, ખેડા બેંકના વિભાજનથી આણંદ જિલ્લામાં તેમજ વલસાડ બેંકના વિભાજનથી ડાંગ અને નવસારી જિલ્લામાં નવી બેંકોની રચના થશે.

# ગલવાન ખીણ યુદ્ધ વિશેની સલમાનખાનની ફિલ્મનું ટીઝર ચીનમાં વિવાદો પેદા કરી રહ્યું છે

ભારત અને પાકિસ્તાન કે ભારત અને ચીનના સંબંધોને લઈને કોઈ પણ ફિલ્મ બનાવવામાં આવે તો તે વિવાદાસ્પદ પુરવાર થાય તેવી ભારોભાર સંભાવના રહેલી હોય છે. તાજેતરમાં રિલીઝ થયેલી ધુરંધર ફિલ્મનો પાકિસ્તાન દ્વારા વિરોધ કરવામાં આવ્યો તેમ ચીનના સરકારી મીડિયા દ્વારા અભિનેતા સલમાન ખાનની નવી ફિલ્મ બેટલ ઓફ ગલવાનની નિંદા કરવામાં આવી છે. ચીનના લોકપ્રિય સરકારી દૈનિક ગ્લોબલ ટાઇમ્સે એક લેખ પ્રકાશિત કર્યો છે, જેમાં ફિલ્મ પર તથ્યોને વિકૃત કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ૧૭ એપ્રિલ ૨૦૨૬ ના રોજ રિલીઝ થનારી ફિલ્મ બેટલ ઓફ ગલવાન વર્ષ ૨૦૨૦ માં લદ્દાખની ગલવાન ખીણમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી અથડામણ પર કેન્દ્રિત હોવાનું કહેવાય છે. આ ફિલ્મમાં સલમાન ખાન અને ચિત્રાંગદા સિંહ મુખ્ય ભૂમિકામાં છે જ્યારે આ ફિલ્મનું દિગ્દર્શન અપૂર્વ લાખિયા દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મનું ટીઝર ૨૭ ડિસેમ્બરે સલમાન ખાનના જન્મદિવસ પર રિલીઝ કરવામાં આવ્યું હતું.



ગલવાન યુદ્ધમાં મે ૨૦૨૦માં પૂર્વી લદ્દાખમાં પેંગોંગ ત્સો તળાવના ઉત્તરી કાંઠે બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. આ ઘટનામાં બંને પક્ષના ડઝનબંધ સૈનિકો ઘાયલ થયા હતા. ત્યાર બાદ, ૧૫ જૂને બંને દેશોના સૈનિકો ગલવાન ખીણમાં ફરીથી અથડાયાં હતાં. ભારતીય સેનાએ આ અથડામણ અંગે એક નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે ૨૦ ભારતીય સૈનિકો માર્યા ગયાં છે. જો કે, ચીને હજુ સુધી તેના સૈનિકોના મોતની પુષ્ટિ કરી નથી.

યુદ્ધ પોઇન્ટ
■ સમકિત શાહ ■

ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઇમ્સે મંગળવારે એક લેખ પ્રકાશિત કર્યો કે બોલીવુડ ફિલ્મ બેટલ ઓફ ગલવાન તથ્યોનાં વિકૃતિકરણને કારણે વિવાદમાં ફસાઈ ગઈ છે. આ લેખમાં કહેવામાં આવ્યું છે કે ચીની દર્શકો સલમાન ખાનને બજરંગી ભાઈજાનના મુખ્ય અભિનેતા તરીકે જાણે છે. સરળ વાર્તાઓ સાથે પાત્રો ભજવવાં અને તેમને અજેય બતાવવા બદલ ચીની ઇન્ટરનેટ પર તેમની ઘણી વાર મજાક ઉડાવવામાં આવે છે. આ ફિલ્મમાં સલમાનખાન કર્નલ બિક્કુમાલા સંતોષ બાબુની ભૂમિકામાં છે. ભારતીય મીડિયાએ દાવો કર્યો હતો કે તેણે ૨૦૨૦ માં ગલવાન ખીણમાં થયેલી અથડામણમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેણે બોલિવૂડનું ધ્યાન ખેંચ્યું હતું. ભારત સરકારે જાન્યુઆરી ૨૦૨૧ માં આ સંઘર્ષમાં શહીદ થયેલા ૧૬મી બિહાર રેજિમેન્ટના કર્નલ બિક્કુમાલા સંતોષ બાબુને મરણોત્તર મહાવીર ચક્ર એનાયત કર્યું હતું. મહાવીર ચક્ર માટેના પ્રશસ્તિપત્રમાં કહેવામાં આવ્યું છે કે ૧૫ જૂન, ૨૦૨૦ ના રોજ, કર્નલ સંતોષ બાબુને ૧૬મી બિહાર રેજિમેન્ટની તેમની ટીમનું નેતૃત્વ કરતી વખતે ઓપરેશન સ્નો લેપર્ડ હેઠળ દુશ્મન સામે એક નિરીક્ષણ પોસ્ટ સ્થાપિત કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી. કર્નલ બાબુએ તેમના સૈનિકોને સૂચના અને સંગઠિત કરીને આ કાર્ય પૂર્ણ કર્યું, પરંતુ પોતાની પોસ્ટનો બચાવ કરતી વખતે તેમને દુશ્મન તરફથી ભારે પ્રતિકારનો સામનો કરવો પડ્યો હતો. દુશ્મનોએ ઘાતક અને તીક્ષ્ણ હથિયારોનો ઉપયોગ કર્યો હતો અને ઊંચાઈથી પથ્થરમારો કર્યો હતો. દુશ્મન સૈનિકોની હિંસક અને આક્રમક કાર્યવાહીથી નિરાશ ન થઈને કર્નલ બાબુ પોતાની જાતે પહેલાં સેવા આપવાની સાચી ભાવનાનું ઉદાહરણ આપતા ભારતીય સૈનિકોની પીછેહઠનો પ્રતિકાર કરતા રહ્યા હતા.

આ પ્રક્રિયામાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા, પરંતુ તેમના છેલ્લા શ્વાસ સુધી તેમના સૈનિકોનું નેતૃત્વ કરતા રહ્યા હતા. ગલવાન ખીણની ઘટના પછી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ બગડ્યા હતા. જો કે, વિવિધ સ્તરે વાતચીત ફરી શરૂ થઈ તે પછી ગયા વર્ષથી સંબંધો સામાન્ય થવાના માર્ગે છે. જો કે, ગલવાન ખીણમાં થયેલી અથડામણ અંગે બંને દેશોનો દાવો છે કે તેમના પ્રદેશ પર અતિક્રમણ કરવામાં આવી રહ્યું હતું. ગ્લોબલ ટાઇમ્સના સલમાનખાનની ફિલ્મ વિશેના લેખ પર ભારતીય વિદેશ મંત્રાલય તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા જોવા મળી નથી. એક ચીની નિષ્ણાતે લખ્યું છે કે બોલિવૂડ ફિલ્મો મોટે ભાગે મનોરંજનલક્ષી અને ભાવનાત્મક વાર્તાઓ રજૂ કરે છે, પરંતુ કોઈ પણ અતિશયોક્તિપૂર્ણ વાર્તા ઇતિહાસને ફરીથી લખી શકતી નથી અથવા ચીનના સાર્વભૌમ પ્રદેશનું રક્ષણ કરવાના ચીની સૈન્યના સંકલ્પને ડગાવી શકતી નથી. ચીનના લશ્કરી નિષ્ણાત સોંગ ઝોંગપિંગે ગ્લોબલ ટાઇમ્સને જણાવ્યું કે ભારત દ્વારા રાષ્ટ્રવાદી ભાવના જગાડવા માટેની ફિલ્મો, ખાસ કરીને બોલીવુડ પ્રોડક્શન્સનો ઉપયોગ આશ્ચર્યજનક નથી. તે ઊંડાં મૂળિયાંવાળી સાંસ્કૃતિક અને રાજકીય પરંપરાને પ્રતિબિંબિત કરે છે. ઘટનાઓ ગમે તેટલી નાટકીય કે અતિશયોક્તિપૂર્ણ હોય, કોઈ પણ ફિલ્મો ગલવાન ખીણની ઘટનાનાં મૂળ તથ્યોને બદલી શકતી નથી. અત્યંત મુશ્કેલ પર્વતીય પરિસ્થિતિઓમાં ચીની સૈનિકો તેમની ફરજો બજાવવાનું ચાલુ રાખે છે અને પડકારોનો સામનો કરે છે, જે જાહેર વિશ્વાસમાં વધારો કરે છે. આ ઘટનાનો ચીની સમાજ પર મોટો પ્રભાવ પડે છે. ચીને ક્યારેય ગલવાન ખીણ અથડામણમાં મૃત્યુઆંક સ્પષ્ટ કર્યો નથી, પરંતુ ઘણા મહિનાઓ પછી ચીને ગલવાન ખીણ અથડામણમાં મૃત્યુ પામેલા તેના ચાર સૈનિકો માટે મરણોત્તર મેડલની જાહેરાત કરી હતી.

૧૫ જૂન, ૨૦૨૦ ના રોજ પૂર્વી લદ્દાખની ગાલવાન ખીણમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી હિંસક અથડામણની ત્રીજી વર્ષગાંઠ પર ચીનના મુખ્ય પ્રવાહના મીડિયા મૌન રહ્યા હતા, પરંતુ ઘણા સરકારી મીડિયા આઉટલેટે માઇક્રો-બ્લોગિંગ વેબસાઇટ વેઇબો પર માર્યા ગયેલા ચીની સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઇમ્સે ૧૫ જૂનના રોજ તેના ચીની ભાષાના સંસ્કરણમાં એક વિગતવાર અહેવાલ પ્રકાશિત કર્યો હતો. આ રિપોર્ટમાં પીપલ્સ લિબરેશન આર્મી (PLA) ના વેસ્ટર્ન કમાન્ડના સોશ્યલ મીડિયા એકાઉન્ટમાંથી માર્યા ગયેલા સૈનિકોનાં પરિવારો વિશેની પોસ્ટ દર્શાવવામાં આવી હતી. લશ્કરી અખબાર પીએલએ ડેઇલીએ ૧૦ જૂનના રોજ અહેવાલ આપ્યો હતો કે ગલવાન ખીણ હિંસામાં માર્યા ગયેલા ચાર ચીની સૈનિકોમાંથી એક ચેન હોંગજુનના લશ્કરી એકમમાં જોડાવા માટે એક વ્યક્તિએ ત્રણ વખત અરજી કરી હતી. પીએલએ સંબંધિત મીડિયા આઉટલેટે ભારત સાથેની અથડામણમાં માર્યા ગયેલા ચાર ચીની સૈનિકોની યાદમાં વેઇબો પર પોસ્ટ શેર કરી હતી. CCTV-૭ એ ચેન હોંગજુનને યાદ કરતો ત્રણ મિનિટનો વિડીયો પણ પોસ્ટ કર્યો હતો, જેમાં તેને દેશ માટે પોતાનો જીવ બલિદાન આપનાર શહીદ ગણાવ્યો હતો. સલમાનખાનની આગામી ફિલ્મમાં માર્યા ગયેલા ચીની સૈનિકોને કેવી રીતે દર્શાવવામાં આવ્યા છે તે જોવાનું પણ રસપ્રદ બની રહેશે.

ભારત સરકારે ૨૦૨૧ના ગણતંત્ર દિવસની ઉજવણી વખતે પહેલી વાર ખુલાસો કર્યો હતો કે તે રાત્રે શું બન્યું હતું. ત્યાં સુધી ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે થયેલી હિંસક અથડામણ વિશે બહુ ઓછી સત્તાવાર માહિતી ઉપલબ્ધ હતી. ભારત સરકારે ગણતંત્ર દિવસની પૂર્વસંધ્યાએ ગલવાન ખીણમાં ચીની સૈનિકો સાથેની અથડામણમાં માર્યા ગયેલા સૈનિકોને શૌર્ય પુરસ્કારોથી સન્માનિત કર્યા હતા. ગલવાન ખીણમાં ૨૦૨૦ની ૧૫/૧૬ જૂનની રાત્રે ચીની અને ભારતીય સૈનિકો વચ્ચે થયેલી અથડામણમાં ૨૦ ભારતીય સૈનિકો માર્યા ગયા હતા. કર્નલ બિક્કુમાલા સંતોષ બાબુની સાથે ભારત સરકારે ૧૬મી બિહાર રેજિમેન્ટના નાયબ સુબેદાર નુદુરામ સોરેનને વીર ચક્ર (મરણોત્તર), ૮૧ ફિલ્ડના હવાલદાર કે. પિલાનીને વીર ચક્ર, ૩ મીડિયમના હવાલદાર તેજેન્દર સિંહને વીર ચક્ર, ૧૬ બિહારના નાયક દીપકસિંહને વીર ચક્ર (મરણોત્તર) અને ૩ પંજાબના સિપાહી ગુરતેજ સિંહને વીર ચક્ર (મરણોત્તર) એનાયત કરવાની જાહેરાત કરી હતી. આ સાથે, એવી જાહેરાત કરવામાં આવી હતી કે ૪ પેરા (SF) ના સુબેદાર સંજીવકુમારને કીર્તિ ચક્ર (મરણોત્તર), ૨૧ RR ના મેજર અનુજ સૂદને શૌર્ય ચક્ર (મરણોત્તર), ૬ આસામ રાઇફલ્સના રાઇફલમેન પ્રણવ જ્યોતિ દાસ અને ૪ પેરા (SF) ના પેરાટ્રૂપર સોનમ ત્સેરિંગ તમાંગને શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવશે. આ બધા સૈનિકો દ્વારા ગલવાન ખીણના યુદ્ધમાં કેવી ભૂમિકા ભજવવામાં આવી હતી, તેનો ખ્યાલ સલમાન ખાનની ફિલ્મ જોયા પછી જ આવશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ગલવાન યુદ્ધમાં મે ૨૦૨૦ માં પૂર્વી લદ્દાખમાં પેંગોંગ ત્સો તળાવના ઉત્તરી કાંઠે બંને દેશોના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી. આ ઘટનામાં બંને પક્ષના ડઝનબંધ સૈનિકો ઘાયલ થયા હતા**

# BUSINESS મિત્ર

## સેન્સેક્સ 545 પોઇટ ઉછળ્યો, નિફ્ટી 26100ની ઉપર, રોકાણકારોને રૂ. 4 લાખ કરોડની કમાણી

# વર્ષના અંતે શેરબજાર તેજી સાથે બંધ રહ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 31:** કેલેન્ડર વર્ષ 2025ના અંતિમ દિસવે શેરબજાર પોઝિટિવ બંધ રહ્યું હતું. જેમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં જબરજસ્ત ઉછાળો જોવાયો હતો. આજે સેન્સેકસ 545 પોઇન્ટ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટીએ 26200 પોઈન્ટની સપાટી કુદાવી દીધી હતી. આજે શેરબજારમાં ચોતરફી લેવાલી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વધુ મજબૂતાઇ જોવા મળી હતી, જેને લાર્જકેપ શેરોની સરખામણીએ વધુ સારૂં પ્રદર્શન કર્યુ હતું.

ભારત સરકાર દ્વારા સેફગાર્ડ ડયુટી લાદવાની જાહેરાતથી સ્ટીલ કંપનીઓના શેરમાં જોરદાર ખરીદી જોવા મળી છે. આ સિવાય ક્રુડ ઓઇલ અને ઈન્ડિયા વીઆઇએક્સમાં થયેલા ઘટાડાથી પણ રોકાણકારોના સેન્ટિમેન્ટને મજબૂત બનાવવામાં આવ્યા હતા. રોકાણકારો અને વેપારીઓએ સારા શેરોમાં નીચા સ્તરે મુલ્યની ખરીદી કરી હતી, જેથી બજારમાં રીકવરી જોવા મળી હતી.

સેકટર વાઇઝ જોઇએ તો આઇટી અને ટેલીકોમ સિવાય તમામ સેકટરો વધ્યા હતા. જેમાં સૌથી વધુ ઓઇલ એન્ડ ગેસ તથા એનર્જી શેરોમાં તેજી જોવા મળી હતી. આ સિવાય મેટલ, પાવર, પીએસયુ બેન્કો, કન્ઝયુમર ડયુરેબલ્સ, ઓટો અને કોમોડિટીઝ ઈન્ડેકસ એક ટકાથી વધુ વધ્યા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ વધીને રૂ. 475.70 લાખ કરોડનું થયું હતું, જેમાં રૂ. 3.98 લાખ કરોડ વધ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 545.52 પોઈન્ટ એટલે કે 0.64 ટકા વધીને 85000 પોઈન્ટની સપાટી કુદાવીને 85220.60 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85437 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84705 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 190.75 પોઈન્ટ એટલે કે 0.74 ટકા વધઈને 26100 પોઈન્ટની સપાટી કુદાવીને 26129.60 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 26187 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 25969 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 410.60 પોઈન્ટ એટલે કે 0.689 ટકા વધીને 59581.85 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે ઝાયડસ વેલનેસ 23.71 ગણા, સ્વાન કોર્પ 20 ગણા, બ્લુસ્ટાર લિ. 8.79 ગણા, દીપક ફર્ટી 4.57 ગણા, જેએસડબલ્યુ સ્ટીલ 4.04 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે દિપક ફર્ટી 16.1 ગણા, એમઆરપીએલ 15.91 ગણા, ગ્રેફાઇટ ઇન્ડિયા 8.56 ગણા, એચઇજી લિ. 8.03 ગણા અને ગુજરાત ગેસ 7.31 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન જોવાયું હતું. જેને ફ્રન્ટલાઇન શેરોની સામે વધુ સારૂં પ્રદર્શન કર્યુ હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેકસ 1.01 ટકા વધ્યા હતા, જ્યારે સ્મોલકેપ ઈન્ડેકસ 1.19 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યું હતું. બીએસઇ ખાતે 2801 શેરો ઉછળ્યા હતા, જ્યારે 1410 શેરો ઘટ્યા હતા અને 170 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ ઈન્ડેક્સ 2.66 ટકા વધ્યા હતા. જેમાં એચપીસીએલ, ગુજરાત ગેસ, બીપીસીએલ, જીએસપીએલ, ઓઇલ ઇન્ડિયા, આઇઓસી, ઓએનજીસી, મગાનગર ગેસ, કેસ્ટ્રોલ અને એજીસ લોજીસ્ટીક વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે મોટાભાગના યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા હતા. જે અડધા દિવસ માટે કાર્યરત રહેશે અને નવા વર્ષના દિવસની રજા માટે કાલે બંધ રહેશે, વર્ષના અંતિમ ટ્રેડિંગ દિવસે એશિયન બજારો મિશ્ર બંધ થયા હતા. હોંગકોંગ અને ઓસ્ટ્રેલિયા રજાઓ માટે વહેલા બંધ થશે, જ્યારે જાપાન અને દક્ષિણ કોરિયા દિવસ માટે બંધ રહેશે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.87 ટકા, કેક 0.92 ટકા અને ડેક્સ 1.52 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં સ્ટ્રેઇટ 0.20 ટકા, હેંગસેંગ 1.07 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઇ 0.09 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયામાં પીછેહઠ, 7 પૈસા ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 31:** કરન્સી બજારમાં ગઇકાલે રૂપિયો રીકવર થયા બાદ આજે ફરીથી ઘટ્યો હતો. ડોલરની સામે રૂપિયો 7 પૈસા ઘટીને 89.87ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.80ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 105.72, પાઉન્ડ 121.44, ઓસ્ટ્રેલિયન ડોલર 60.21, જાપાનીઝ યેન 0.5737, સીંગાપોર ડોલર 69.66ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 89.87 રૂ. |
| યુરો | 105.72 રૂ. |
| પાઉન્ડ | 121.44 રૂ. |
| યેન | 0.5737 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 545.52 | 8522[illegible] |
| નિફ્ટી | 190.75 | 26129.60 |
| બેન્ક નિફ્ટી | 410.60 | 59581.85 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| જેએસડબલ્યુ સ્ટીલ | 4.79 | 1164.80 |
| ટાટા સ્ટીલ | 2.43 | 180.08 |
| ઓએનજીસી | 2.43 | 240.38 |
| કોટક બેન્ક | 2.25 | 2201.10 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.99 | 1570.40 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.25 | 3206.20 |
| ટેક મહિન્દ્રા | 0.85 | 1590.90 |
| ગ્રાસીમ ઇન્ડ. | 0.45 | 2829.00 |
| ઇન્ફોસીસ | 0.38 | 1615.40 |
| બજાજ ફાઇનાન્સ | 0.25 | 986.80 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 2.45 | 180.05 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 2.17 | 2201.40 |
| રિલાયન્સ | 1.86 | 1569.40 |
| એકસીસ બેન્ક | 1.82 | 1268.70 |
| ટાઇટન કંપની | 1.81 | 4046.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.29 | 3205.75 |
| ટેક મહિન્દ્રા | 0.86 | 1591.00 |
| ઇન્ફોસીસ | 0.49 | 1616.45 |
| બજાજ ફાઇનાન્સ | 0.27 | 986.65 |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૬૮૦૦ |
| તેજાબી સોનું | ૧૩૬૭૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૨૯૯૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૩૪૦૬૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૬૮૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૩૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૮૦૦૦ |

# વોડાફોન આઇડિયાને સરકાર તરફથી એજીઆરમાં રાહત, છતાં 20 ટકા તૂટયો

**વોડાફોન** આઇડિયાની શેરની કિંમત એફપીઓની કિંમત 11 રૂપિયાની નીચે સરકી ગયો

નવી દિલ્હી, તા. 31: ટેલિકોમ કંપની વોડાફોન આઇડિયા લિમિટેડના શેરમાં આજે તોફાની વધઘટ જોવા મળી હતી. જે શરૂઆતમાં બાવન વીક હાઇ 12.80નો બનાવ્યો હતો. સરકારે એજીઆરમાં રાહત આપી હોવા છતાં ભારે વેચવાલી જોવા મળી હતી અને ઈન્ટ્રાડે હાઇથી લગભગ 20 ટકા તૂટી ગયો હતો. દિવસની નીચી સપાટીએ, તે તેની એફપીઓ કિંમત રૂપિયા 11ની નીચે પણ ગયો. આ ઘટાડો એવા સમયે આવ્યો છે

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય કેબિનેટે વોડાફોન આઇડિયા માટે એજીઆર રાહત પેકેજને મંજૂરી આપી દીધી છે. આ પેકેજ અંતર્ગત, એજીઆર ચુકવણી પર પાંચ વર્ષ માટે મોરેટોરિયમ આપવામાં આવ્યું છે. આનાથી કંપનીને રોકડના દબાણમાંથી તાત્કાલિક રાહત મળવાની અપેક્ષા છે.

રાહતના પગલાંના ભાગરૂપે, વોડાફોન આઇડિયાની કુલ 87695 કરોડ રૂપિયાની એજીઆર બાકી રકમ હાલ માટે સ્થિર કરવામાં આવી છે. આનાથી પહેલાથી જ તણાવગ્રસ્ત કંપનીની બેલેન્સશીટને મોટી રાહત મળી છે.

ઉપલબ્ધ માહિતી મુજબ, સ્થિર કરાયેલ રૂપિયા 87695 કરોડના એજીઆર બાકી લેણાંની ચુકવણી નાણાકીય વર્ષ 2032 અને નાણાકીય વર્ષ 2041ની વચ્ચે ફરીથી સુનિશ્ચિત કરવામાં આવશે. આ એરિયર્સનું ઓડિટ રિપોર્ટના આધારે ટેલિકોમ્યુનિકેશન વિભાગ દ્વારા પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે.

જોકે, વોડાફોન આઈડિયાએ આગામી પાંચ વર્ષમાં નાણાકીય વર્ષ 2018 અને નાણાકીય વર્ષ 2019 સાથે સંકળાયેલા એજીઆર લેણાં ચૂકવવા પડશે.

વોડાફોન આઇડિયા લાંબા સમયથી એક વિશાળ બાકી સંકટ સામે ઝઝૂમી રહ્યું છે. કંપની પર કુલ એજીઆર જવાબદારી આશરે 83,400 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. નબળી બેલેન્સશીટને કારણે બેંકો ધિરાણ આપવા માટે અનિચ્છા ધરાવે છે.

કંપનીએ વારંવાર કહ્યું છે કે તેના અસ્તિત્વ માટે સમયસર ભંડોળ સહાય ખૂબ જ મહત્વપૂર્ણ છે.

વોડાફોન આઈડિયાના દેશભરમાં લગભગ 19.8 કરોડ સબ્સ્ક્રાઇબર્સ છે. કંપનીમાં 18000 થી વધુ કર્મચારીઓ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા અઠવાડિયા પહેલા, સુપ્રીમ કોર્ટે સરકારને નાણાકીય વર્ષ 2017 સુધીમાં વોડાફોન આઇડિયાના તમામ બાકી લેણાંની ફરીથી તપાસ અને સમાધાન કરવાની મંજૂરી આપી હતી. તેમાં વ્યાજ અને દંડ પણ શામેલ છે. આ નિર્ણયને કંપની માટે મોટી રાહત માનવામાં આવી હતી.

# વર્ષના છેલ્લા દિવસે ચાંદીનો ભાવ રેકોર્ડ ઊંચી સપાટીએથી ઘટ્યો

**કેલેન્ડર** વર્ષના અંતિમ દિવસે સોના-ચાંદીમાં ઘટાડોઃ ચાંદી 16 હજાર રૂપિયા જેટલી ઘટી

નવી દિલ્હી, તા. 31: વર્ષ 2025ના છેલ્લા ટ્રેડિંગ દિવસે, બુધવારે કિંમતી ધાતુઓ, ખાસ કરીને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો થયો હતો. અગાઉ ચાંદી રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી ગઈ હતી, ત્યારબાદ રોકાણકારોએ નફો કરવા માટે વેચ્યું હતું.

ઘરેલુ વાયદા બજારમાં ચાંદી 16000 રૂપિયાથી વધુનો ઘટાડો કરીને 232228 રૂપિયાની સપાટીએ પહોંચ્યો હતો. જોકે, બાદમાં થોડી રિકવરી જોવા મળી હતી. તે જ સમયે, સોનાના ભાવમાં પણ 900 રૂપિયાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો.

એમસીએક્સ પર માર્ચ ડિલિવરી માટે ચાંદી 14124 રૂપિયા અથવા 5.63 ટકા ઘટીને 236888 રૂપિયા પ્રતિ કિલોગ્રામ થઇ હતી. ફેબ્રુઆરીમાં સોનું 782 રૂપિયા એટલે કે 0.57 ટકા ઘટીને 135884 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. ટ્રેડિંગ સેશન દરમિયાન ચાંદી 232228 રૂપિયાની ઈન્ટ્રા-ડે નીચી સપાટીએ પહોંચ્યો હતો અને સોનું 135618 રૂપિયાની ઈન્ટ્રા-ડે નીચી સપાટીએ પહોંચ્યું હતું.

આ ઘટાડો 2025 ના મોટાભાગના સમય માટે તીવ્ર વધારાને અનુસરે છે.

વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, ડિસેમ્બરમાં ચાંદીના ભાવમાં 24 ટકાનો વધારો થયો હતો અને છેલ્લા એક વર્ષમાં 135 ટકાનો વધારો થયો હતો. આનું કારણ ઉચ્ચ માંગ અને લોકોનો સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સ્થાનિક સ્પોટ ગોલ્ડના ભાવમાં 76 ટકાથી વધુનો વધારો થયો છે.